# અનાજ કૌભાંડની હારમાળા : દિયોદરમાં પુરવઠાનો મોટો જથ્થો ઝડપાયો

**ખાનગી ગોડાઉનમાંથી રેશનીંગના ઘઉં અને ચોખાનો મસમોટો જથ્થો મળી આવ્યો : સરકારી અનાજ અને ટ્રક મળી કુલ ૮.૬૪ લાખનો મુદ્દામાલ સિઝ તપાસ હાથ ધરાઇ**

પાલનપુર તા.૧૯

બનાસકાંઠામાં અનાજ કૌભાંડની વણઝાર જામી હોય તેમ વધુ એક અનાજ કૌભાંડ સામે આવ્યુ છે જેમાં દિયોદર જીઆઈડીસીમાં આવેલ એક ખાનગી ગોડાઉન માંથી રેશનીંગના ઘઉં અને ચોખાના મોટો જથ્થો પુરવઠા વિભાગે ઝડપી પાડયો છે જેમાં સરકારી અનાજના જથ્થો અને ટ્રક મળી કુલ ૮.૬૪ લાખનો મુદ્દામાલ સિઝ કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.



**ઘઉંના ૩૧૮ અને ચોખાના ૩૭૮ બેનામી કટ્ટા મળી આવ્યા**

દિયોદરમાં પુરવઠા તંત્રના દરોડામાં ૩.૧૮ લાખની કિંમતના ઘઉં ના ૩૧૮ અને અને ૩.૯૬ લાખ ની કિંમતના ૩૭૮ ચોખાના બેનામી કટ્ટા મળી આવ્યા હતા જેને લઈ જથ્થો અને ગોડાઉન સિઝ કરવામાં આવ્યું છે

બનાસકાંઠામાં ગરીબોને તેમજ રેશનકાર્ડ ધારકોને વિતરણ કરવામાં આવતા રેશનીંગના ઘઉં અને ચોખાના જથ્થાનો મોટો કાળો કારોબાર ચાલી રહ્યો છે. જે દરમિયાન સોમવારની મોડી રાત્રે દિયોદર જીઆઈડીસીમાં ખાનગી ગોડાઉનમાં રેશનીંગના ઘઉ અને ચોખાનો જથ્થો પડ્યો હોવાની બાતમી જિલ્લા પુરવઠા અધિકારી ઓને મળતા ઓચિંતી તપાસ હાથ ધરી હતી જેમાં જીઆઈડીસીના પ્લોટ નંબર ૫૦માં આવેલા ખાનગી ગોડાઉનમાં સસ્તા અનાજની દુકાનના ઘઉં અને ચોખાના ૬૯૬ જેટલા કટ્ટઆ મળી આવ્યા હતા. તેમજ આ જથ્થા અંગેના ગોડાઉન સંચાલક પાસે કોઈજ આધાર પુરાવા ન હોઈ પુરવઠાની ટીમે ટ્રક સહિત ૮.૬૪ લાખ રૂપિયાનો જથ્થો સીઝ કર્યો હતો દિયોદર પુરવઠા અધિકારી પી. આર ઠાકોરે જણાવ્યું હતું કે, બનાસકાંઠા પુરવઠા અધિકારી ને ટેલિફોનિક સૂચના મળેલી કે દિયોદર ખાતે GIDC પ્લોટ નંબર-૫૦ માં બિન અધિકૃત રીતે ઘઉનો જથ્થો પડેલો છે જેની તપાસમાં અમે મામલતદાર અને પોલીસને સાથે રાખી ગોડાઉનની તપાસ કરતા ઘઉં તથા ચોખાનો જથ્થો મળી આવતા જે જથ્થાની ખરીદી અંગેના બીલો માંગતા બીલો રજૂ ન કરતાં હોવાથી ઘઉંના કટ્ટા ૩૧૮ જેની કિંમત ૩. ૧૮ લાખ અને ચોખાના કટ્ટા ૩૭૮ જેની કિંમત ૩. ૯૬ લાખ તથા ગોડાઉન એક ટ્રક અંદર પડેલું હતું જેની કિંમત ૧.૫૦ લાખ. આમ કુલ ૮૬૪ ૯૦૦નો મુદ્દામાલ સિજ઼ કરવામાં આવ્યું છે અને ગોડાઉનને પણ સીલ મારવામાં આવ્યો છે.

**પુરવઠા તંત્રે પોલીસને સાથે રાખી દરોડો પાડ્યો**

દિયોદર જીઆઈડીસી માં બેનામી સરકારી અનાજ નો જથ્થો પડ્યો હોવાની બાતમીના આધારે પુરવઠા તંત્રે અનાજ કોંભાડ ને ઝડપી લેવા મોડી રાત્રે પોલીસ ને સાથે રાખી દરોડો પાડયો હતો જેમાં મસમોટું અનાજ કોંભાંડ ઝડપાયું હતું

# કાંકરેજના વિઠલોદમાં ગાંજાનું વાવેતર ઝડપાયું : પોલીસે રૂ.૭૧.૫૦૦ની કિંમતના ગાંજાના છોડ ઝડપી પાડયા

**ગાંજાના છોડ સાથે એક ઇસમની અટકાયત કરાઈ**

પાલનપુર તા. ૧૯

કાંકરેજ તાલુકાના વિઠલોદ ગામે માદક પદાર્થ ગાંજાના છોડનું વાવેતર કરવામાં આવ્યું હોવાની બાતમીના આધારે પાલનપુર એસઓજી પોલીસે વિઠલોદ ગામે ઓચિંતી રેઈડ કરીને મકાન પાસે વાવેલ ગાંજાના દશ છોડ ને ઝડપી પાડયા હતા અને ગાંજા નું વાવેતર કરનાર ઈસમની રૂ.૭૧.૫૦૦ના મુદ્દામાલ સાથે અટકાયત કરવામાં આવી હતી

બનાસકાંઠા જિલ્લામાં માંદક અને નશીલા પદાર્થોની બદી ને ડામવા માટે જિલ્લા પોલીસ અધિક્ષક તરૂણ દુગ્ગલની સૂચનાના આધારે પાલનપુર એસઓજી પોલીસ અને થરા પોલીસની ટીમે ખાનગી રાહે મળેલી બાતમી હકીકતના આધારે વિઠલોદ ગામે રહેતા વેલાજી તલાજી ઠાકોર પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક ઘર પાસે માદક પદાર્થ ગાંજાના છોડોનુ વાવેતર કરી ગાંજાનું વેચાણ કરતો હોઈ વિઠલોદમાં વેલાજી ઠાકોર ના ઘરે રેઈડ કરતા અહીં ૭.૧૫૦ કિલો ગ્રામ વજન ગ્રામના માદક પદાર્થ ગાંજાના ૧૦ છોડ કિલોગ્રામ મળી આવતા આરોપી વેલાજી તલાજી ઠાકોર રહે. વિઠલોદ તા. શિહોરીવાળાની રૂ.૭૧,૫૦૦ના મુદામાલ સાથે અટકાયત કરવામાં આવી હતી અને આરોપી વિરુદ્ધ શિહોરી પોલીસ મથકે એન.ડી.પી.એસ એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી



# પ્રાંતિજના મજરા ખાતે મહાકાલી માતાના મંદિર ખાતે અન્નકુટ ભરાયો

**વૈષ્ણવ સમાજના માઇભક્તો એ મહાકાળી માતાજીનો અન્નકુટ ભરાયો**

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ખાતે આવેલ મહાકાલી મંદિર ખાતે વૈષ્ણવ સમાજના માઈ ભકતો દ્વારા માતાજીનો નવમો અન્નકુટ ભર્યો હતો. મજરાના મુળ વતી અને ધંધા રોજગાર અર્થે અમદાવાદ સ્થાયી થયેલ વૈષ્ણવ સમાજ ના પરિવારો દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષ પણ મજરા ખાતે આવી ને મહાકાલી માતાના મંદિર ખાતે દેવ દિવાળી ના દિવસે અન્નકુટ ભરી ને ધન્યતા અનુભવી હતી.





પાલનપુર ભૂંડ ઉછેર કેન્દ્રમાં ફેરવાયું...!!

## જન્મદિને વધામણી



કૌશિકભાઇ આર પંચાલ
બાયડ



નરેન્દ્રભાઈ પટેલ .
સંચાલક ,વિવેકાનંદ
કર્મયોગ વિદ્યાલય ડેમાઇ
બાયડ



સ્વ. ડો.મયુરભાઈ શાહ
વાત્સલ્ય હોસ્પીટલ,
બાયડ



દીપ ચૌધરી
આકુંદ તા.ધનસુરા



રાજેશ સમતાની
બાયડ



ડો. નટુભાઈ એચ.પટેલ
હિમતનગર



ચીમનભાઈ પટેલ
ડેમાઈ,તા. બાયડ



ભૌમિક મહેશભાઈ પટેલ
એપીએમસી ,મોડાસા
બાયડ જિ.અરવલ્લી



જગદીશભાઈ પટેલ
નિવૃત્ત શિક્ષક, ચોઇલા
હાઇસ્કુલ
બાયડ (લીંભોઈ)

રક્તદાન
મહાદાન

# ડીસામાં જિલ્લા યુવા ભાજપ મોરચાની પ્રથમ કારોબારી બેઠક મળી



ડીસા, તા. ૧૯

ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા જીલ્લા યુવા મોરચાની પહેલી કારોબારી બેઠક ડીસા શહેર નગરપાલિકાના હોલ ખાતે બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાજી સાથે ડીસા શહેર ભાજપના મહામંત્રી રાકેશભાઈ પટેલ, ડીસા નગરપાલિકાના યુવા પ્રમુખ રાજુભાઈ ઠક્કર, પ્રદેશ યુવા મોરચાના મહામંત્રી ડૉ.નરેશભાઈ દેસાઈ, પ્રદેશ યુવા મોરચાના ઉપપ્રમુખ નરેશભાઈ ઠાકોર ,બનાસકાંઠા જીલ્લાના યુવા ઉત્સાહી પ્રમુખ સાગરભાઈ ચૌધરી,બનાસકાંઠા જીલ્લાના પ્રભારી મયંકભાઈ, બનાસકાંઠા જિલ્લા યુવા મોરચાના મહામંત્રી અલ્કેશભાઈ જોશી અને પ્રદેશ અને જીલ્લાના હોદેદારો બનાસકાંઠા જિલ્લાના દરેક મંડળના પ્રમુખ અને મહામંત્રી સાથે હોદેદારો હાજર રહ્યા હતા.આ બેઠકમાં વધારેમાં વધારે યુવા મોરચામાં કાર્યકરોને જોડવા માટે હાંકલ કરવામાં આવી અને જરુરી સુચનાઓ આપવામાં આવી હતી.

આ બેઠકમાં ખાસ પ્રદેશ યુવા મોરચાના મહામંત્રી ડૉ.નરેશભાઈ દેસાઈએ ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાજીએ શ્રીનગરના લાલ ચોકમાં ફરકાવેલ રાષ્ટ્ર ધ્વજને યાદ કરી જુની યાદો ને તાજી કરી હતી. તેમ ભાજપ મીડિયા સેલના કાંતિભાઈ લોધાએ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# પાલનપુરના ડૉકટર હાઉસ ખાતે ગંદા પાણીના ભરાવાથી લોકો ત્રાહિમામ

પાલનપુર તા.૧૯

સરકારના સ્વચ્છતા અભિયાનના પાલનપુર માં સરેઆમ ધાજીયા ઉડી રહ્યા છે ઠેરઠેર ગંદવાડ અને ગંદા પાણી ના ભરાવા ને લઈ શહેર માં નર્ગા કાર ની સ્થિતિ સર્જાઈ છે જેમાં ડોકટર હાઉસમાં તો જાણે ચોમાસુ સીઝન ચાલી રહી હોય તેમ હાલ ગંદા પાણી નો ભરાવો જોવા મળી રહ્યો છે જોકે અહીં મોટી સંખ્યામાં દૂરદૂરથી દર્દી ઓ સારવાર માટે આવતા હોય છે પરંતુ જાહેર માર્ગો પર ગંદા પાણીના ભરાવાને લઈ લોકોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે ત્યારે નગરપાલિકા નું જવાબદાર તંત્ર કુંભકર્ણ નિંદ્રા માંથી જાગી પાણીના ભરાવા ની સમસ્યા નો ઉકેલ લાવવાની તાતી જરૂર છે.



**ઉત્તર ગુજરાત : રેઇનકોટ પહેરવો કે સ્વેટર લોકો દુવિધામાં**

# કમોસમી માવઠું દિવસભર વરસાદી ઝાપટા,ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા

મોડાસા, તા. ૧૯

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી વરસાદની આગાહી કરી છે તેવામાં જો જિલ્લામાં પાંચ દિવસ સુધી વાદળછાયું વાતાવરણ અને વરસાદ થાય તો અનેક જગ્યાએ ખેતી પાક ને મોટું નુકસાન થાય તેવી ખેડૂતો ને ચિંતા સતાવી રહી છે.અરવલ્લી જિલ્લામાં વાતાવરણમાં પલટો આવવાની સાથે કસમોસમી વરસાદ થતા કારતકે શ્રાવણ જેવો અહેસાસ લોકોએ અનુભવ્યો હતો સુપ્રસિદ્ધ શામળાજી મંદિરમાં કાર્તકી પૂર્ણિમાના મેળા ટાણે વરસાદ ખાબકતા મેળામા લાગેલ ટેન્ટ પલળી ગયા હતા વહેલી સવારે વરસાદથી ભક્તોને ભારે હાલાકી અનુભવી હતી

અરવલ્લી જીલ્લાના શામળાજી-ભિલોડા પંથકમાં વહેલી પરોઢે વાદળછાયા વાતાવરણ બાદ અચાનક કમોસમી માવઠુ થયુ હતું. સતત ૧૫ મિનિટ્સ સુધી વરસાદનાં કારણે સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતું. માવઠાનાં કારણે ખેડૂતોનાં જીવ પણ તાળવે ચોંટયા હતા અને આ બિન મોસમ વરસાદથી ખેડૂતોને ભારે નુકસાનની ભીતિ સેવાઈ રહી છે

**બનાસકાંઠામાં વરસાદની આગાહીને પગલે તંત્ર સજ્જ**

# ૧૭ થી ૨૨ નવેમ્બર દરમિયાન વરસાદની આગાહીને પગલે અધિકારીઓને હેડકવાટર્સ ન છોડવા તાકીદ

**માર્કેટયાર્ડમાં રહેલું અનાજ પલળે નહિ તેની તકેદારી રાખવાની સૂચના**

પાલનપુર તા. ૧૯

સરહદી બનાસકાંઠા જિલ્લામાં આગામી ૧૭ થી ૨૨ નવેમ્બર દરમિયાન છૂટો છવાયો વરસાદ થવાની હવામાન વિભાગની આગાહીને પગલે બનાસકાંઠા વહીવટી તંત્ર સતર્ક બન્યું છે. જિલ્લા કલેકટર દ્વારા તાબાના અધિકારીઓને હેડકવાટર્સ ન છોડવાની તાકીદ સાથે જિલ્લાના માર્કેટયાર્ડમાં પડેલું અનાજ પલળી ન જાય તે અંગેની સૂચનાઓ આપવામાં આવી છે.

હવામાન વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં આગામી ૧૭ થી ૨૨ નવેમ્બર દરમિયાન છૂટો છવાયો વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. જેને લઈને તંત્ર સતર્ક બન્યું છે. જિલ્લા કલેકટર દ્વારા તાબાના અધિકારીઓને હેડકવાટર્સ ન છોડવાની તાકીદ કરાઈ હોવાનું ડિઝાસ્ટર મેનેજમેન્ટના પ્રોગ્રામ ઓફિસર સંજય ચૌહાણે જણાવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં ડિઝાસ્ટર વિભાગ દ્વારા હવામાન વિભાગની આગાહીના પગલે એલર્ટ રહેવા સૂચના અપાઈ છે. ડિઝાસ્ટર મામલતદાર દ્વારા જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ અને નાયબ બાગાયત નિયામકને પત્ર લખી વરસાદની આગાહીના પગલે માર્કેટ યાર્ડમાં ખેડૂતોનો માલ સુરક્ષીત રાખવા તાકીદ કરાઈ છે.

હાલમાં સીઝન હોવાના કારણે મોટી માત્રામાં માર્કેટ યાર્ડમાં છે મગફળી ની આવક થઈ છે. ત્યારે માર્કેટયાર્ડમાં રહેલો અનાજનો જથ્થો પલળી ન જાય તે અંગેની તાકીદ રાખવા સુચના અપાઈ છે.

# મોરબીમાં રાજસ્થાની કોન્ટ્રાકટરની માનવતા મરી પરવારી : શ્રમિકને તરછોડ્યો

**મોડાસામાં શ્રમિકને મદદ કરી માનવતા મહેકાવતા લોકો**

મોડાસા, તા. ૧૯

કોરોના સંક્રમણમાં શ્રમિકોને નિરાધાર હાલતમાં છોડી દેવાના અનેક કિસ્સાઓ સાંભળવા મળ્યા હતા ત્યારે રાજસ્થાન ભરતપુરના મોરબીમાં કોન્ટ્રાકટર તરીકે વ્યવસાય કરતા કોન્ટ્રાકટરે તેના વતનના શ્રમિકને અગમ્ય કારણોસર પૈસા આપ્યા વગર રસ્તે રઝળતો કરી દેતા શ્રમિક દયનિય સ્થિતિમાં મુકતા ચાલતો રાજસ્થાન જવા નીકળતા મોડાસા શહેરમાંથી પસાર થતા સ્થાનિક લઘુમતી સમાજના યુવાનોને જાણ થતા યુવકને સ્વેટર,રોકડ રૂપિયાની મદદ કરી ટ્રકમાં ભરતપુર જવા વ્યવસ્થા કરી આપી માનવતા મહેકાવી હતી મોડાસા શહેરમાં શ્રમિકને મદદ મળતા લાચાર યુવકના ચહેરા પર હાશકારો જોવા મળ્યો હતો



મોડાસા શહેર નજીક ચાની કીટલી પાસે એક શ્રમિક યુવક ઠંડીમાં ધ્રૂજતો યુવક નિઃસહાય હાલતમાં જોવા મળતા તેને કીટલીના માલિકી અને નજીક ઉભેલા લોકોએ પુછાતા તેને તેની આપવીતી જણાવી હતી મોરબીમાં રાજસ્થાની કોન્ટ્રાકટરે મજૂરી કરાવ્યા પછી પૈસા ન અપાતા તે ત્રણ દિવસ થી મોરબી થી રાજસ્થાન ભરતપુર પગપાળા વતન જવા નીકળ્યો હોવાનું જણાવતા લોકોના હૃદયમાં કંપારી છૂટી ગઈ હતી અને સ્થાનિક અન્ય લોકોને જાણ કરતા લોકોએ યુવકને ચા-નાસ્તો કરાવી ઠંડીમાં સ્વેટર પહેરાવી રોકડ રકમની મદદ કરી વાહનમાં ભરતપુર વતન જવા રવાના કરતા ત્રણ દિવસથી ચાલતા ચાલતા થાકી ગયેલા શ્રમીક યુવકના ચહેરા પર ખુશી જોવા મળી હતી મોડાસાના સ્થાનિકોએ પરપ્રાંતીય યુવકને મદદ કરી માનવતા હજુ મરી પરવાડી નથીનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું

રાજસ્થાની ભરતપુરના મોરબી સ્થીત કોન્ટ્રાકટર તરીકે વ્યવસાય કરતા શખ્સના ભયથી કોન્ટ્રાકટરની દમનગીરીનો ભોગ બનેલ યુવક નામ લેતા પણ મીડિયા સામે ડરી રહ્યો હતો અને કઈ પણ કહેવાનો ઈન્કાર કરી તેના વતનમાં સહીસલામત પહોંચ્યા પછી કાર્યવાહી કરવા જણાવ્યું હતું

# અમીરગઢના ઢોલીયા પાટીયા નજીકથી દારૂ ભરેલી કાર ઝડપાઈ

પાલનપુર તા. ૧૯

બનાસકાંઠા ની અમીરગઢ પોલીસે ઢોલીયા પાટિયા નજીકથી એક દારૂ ભરેલી ગાડીને ઝડપી પાડી છે. પોલીસે કુલ રૂ. ૧.૨૨ લાખના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અમીરગઢ પોલીસ સ્ટાફને પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે ઢોલીયા ગામના પાટીયા નજીકથી એક ફોર્ડ કંપનીની આઈકોન સીલ્વર કલરની કાર ગાડીમાં સીટના પાછળના ભાગે ચોર ખાનું બનાવી તેમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપ્યો હતો. ઝડપાયેલા દારૂમાં ૧૭૯૧૬ની કિંમતની નાની મોટી ૧૭૧ બોટલ અને હેરાફેરી કરતી ગાડી મળી કુલ રૂપિયા ૧૨૨૯૧૬ ના મુદ્દામાલ સાથે મધુરકરસિંહ (રહે.નાલકા દરવાજા દેસુરી તા.દેસુરી જિ.પાલી, રાજસ્થાન)વાળાને ઝડપી પાડ્યો હતો.

**બનાવમાં ૧.૨૨ લાખનો મુદ્દામાલ સાથે એક શખ્સની અટક કરાઈ**